સુવિચાર : જે પોતાના માટે જીવે છે તેનું મરણ થાય છે, પણ જે બીજાને માટે જીવે છે તેનું સ્મરણ થાય છે - એસ. ભટ્ટાચાર્ય

તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૩૫ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૫૦ | ૨૧ નવેમ્બર, ૨૦૧૫, શનિવાર ; કારતક સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

**ફ્લાઈટ મોડી પડતા રાહુલ શપથમાં પહોંચી શક્યા નહીં**

**ભારતની લાલઆંખ : ત્રાસવાદી ફંડિંગને લઈ ૩ ડઝન ખાતા સીલ**

**આઈએસની દરરોજની આવક ૩૦ લાખ ડોલર**

**માસ્ટરમાઈન્ડ પેરિસ મેટ્રોમાં હુમલા પહેલા જ દેખાયો હતો**

**આઇએસના ૩૫થી વધુ અડ્ડા ફ્રાન્સે ફુંકી માર્યા**


**સુનંદા પ્રકરણ : શશી થરુરની ફરીવાર પુછપરછ થઇ શકે છે**

**યુપીમાં રેલવે સ્ટેશનની નજીક બોંબ મળી આવ્યો**

**છોટા રાજનના તમામ કેસોને સીબીઆઇએ હવે લઇ લીધા**

**દિલ્હીના ચેતનને ૧.૨૭ કરોડ રૂપિયાના પગારની ઓફર થઇ**

# બિહારમાં મુખ્યમંત્રી પદે નીતીશકુમારની તાજપોશી



### લાલુ યાદવના બન્ને પુત્રો તેજસ્વી-તેજ પ્રતાપના પણ શપથ
### લાલુ યાદવના બન્ને પુત્રો સહિત ૨૮ના પ્રધાન તરીકે શપથ
### શપથવિધીમાં ટોચના રાજકીય નેતાઓની ઉપસ્થિતિ

પટના,તા. ૨૦

બિહારના મુખ્યમંત્રી તરીકે નીતીશકુમારે આજે શપથ લીધા હતા. પટણાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં યોજાયેલી શપથવિધીમાં મોટી સંખ્યામાં રાજ્યોના મુખ્યમંત્રીઓ અને રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. શપથવિધિ કાર્યક્રમમાં રાજ્યપાલ રામનાથ કોવિંદે નીતીશકુમારને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. નીતીશ બાદ પ્રધાન તરીકે આરજેડી નેતા લાલુ યાદવના બન્ને પુત્રો તેજસ્વી અને તેજ પ્રતાપ યાદવે શપથ લીધા હતા. લાલુના બન્ને પુત્રો સહિત ૨૮ પ્રધાનોએ શપથ લીધા હતા. જેમાં તેજસ્વી યાદવ, તેજ પ્રતાપ યાદવ, અબ્દુલ બારી સિદ્દિકી, વિજેન્દ્ર પ્રસાદ યાદવ, લલનસિંહ, અશોક ચૌધરી, શ્રવણ કુમાર, જય કુમાર સિંહ, આલોક મહેતા, ચંદ્રિકા રાય, કપિલદેવ કામત, મદન સહની, મુનેશ્વર ચૌધરી, શૈલેષકુમાર, મંજુ વર્મા, અબ્દુલ મસ્તાન, શિવચંદ રામ, મહેશ્વર હજારે, અવધેશ કુમાર, રામ વિચાર રાય, કૃષ્ણ નંદન, મદન મોહન ઝા, સંતોષકુમાર નિરાલા, અબ્દુલ ગફુર, ચંદ્રશેખર, ખુર્શીદ ઉર્ફે ફિરોઝ અહમદ, અનીતા દેવી અને વિજય પ્રકાશનો સમાવેશ થાય છે. શપથ ગ્રહણ દરમિયાન બિહારના મુખ્યમંત્રી અને આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ ઉપસ્થિત રહ્યા હતા. લાલુ અને નીતીશ મંચ ઉપર એકબીજાને ગળે પણ મળ્યા હતા. કાર્યક્રમમાં લાલુ યાદવના પરિવારના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

શપથવિધીમાં દેશના રાજકીય ક્ષેત્રના અનેક ટોચના લીડરો ઉપસ્થિત રહ્યા હતા.જેમાં ભૂતપૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડા, પૂર્વ કેન્દ્રીય મંત્રી ફારુક અબ્દુલ્લા, તેમના પુત્ર અને જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, પૂર્વ લોકસભા અધ્યક્ષ મીરા કુમાર, દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિત, દિલ્હીના

● અનુસંધાન પાન-૬ પર

### શપથવિધિમાં કોણ હાજર



- પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ
- પૂર્વ વડાપ્રધાન દેવગૌડા
- કેન્દ્રીય મંત્રી વૈંકેયા નાયડુ
- નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા
- નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લા
- સીપીઆઈએમના જનરલ સેક્રેટરી સીતારામ યેચુરી
- દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિત
- ઝારખંડના પુર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન
- પૂર્વ લોકસભા અધ્યક્ષ મીરા કુમાર

# વ્હાઈટ હાઉસને ફુંકી મારવા આઈએસની ધમકી

### આઈએસના નવા વીડિયોથી દહેશત હજુ પણ અકબંધ : બરાક ઓબામા અને હોલાન્ડેને ફુંકી મારવાની પણ ધમકી અપાઈ : ત્રાસવાદી સંગઠન ઉપર વધુ સકંજો જમાવવા અમેરિકા તેમજ ફ્રાન્સ સંપૂર્ણપણે તૈયાર



વોશિંગ્ટન,તા. ૨૦

ઈસ્લામિક સ્ટેટ ત્રાસવાદી સંગઠને પેરિસમાં ભીષણ હુમલો કર્યા બાદ હવે વધુ હુમલા કરવાની ચેતવણી જારી કરી દીધી છે. જેના ભાગરૂપે હવે વ્હાઈટ હાઉસને બોંબથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. છ મિનિટના આ નવા વીડિયોમાં ટાઈટલ પેરિસ બીફોર રોમ રાખવામાં આવ્યું છે. ઈરાકના દિજલા પ્રાંતમાં આઈએસ દ્વારા આ વીડિયો તૈયાર કરાયો હોવાના અહેવાલ મળ્યા છે. અમેરિકા સ્થિત મિડલઈસ્ટ મીડિયા

● અનુસંધાન પાન-૬ પર

# ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિએ દર ૩ માસે કામગીરીનો હિસાબ આપવો પડશે : આનંદીબેન

### કલોલ ખાતે જાહેરસભાને સંબોધતા ૨૦૧૬-૧૭માં ગંદા પાણીને શુધ્ધ કરવાના દરેક શહેરમાં પ્લાન્ટ ઉભા કરવાના આયોજન અંગે મુખ્યમંત્રીની જાહેરાત

ગાંધીનગર, તા. ૨૦

ભાજપના ચૂંટાયેલા સભ્યોએ દર ૩ મહિને તેમની કામગીરીનો હિસાબ રજુ કરવાનો રહેશે. આ પછી જ તેમના અન્ય કામો પર વિચારણા કરવામાં આવશે તેવી સ્પષ્ટ વાત રાજ્યના મુખ્યમંત્રી અને ભાજપના સ્ટાર પ્રચારક શ્રીમતિ આનંદીબેન પટેલે આજે કલોલમાં જાહેરસભા દરમ્યાન કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે વિકાસમાં કોઈ જ કચાશ નહિ રખાય અને ભેદભાવ પણ નહિ રખાય પરંતુ સભ્યોએ તેમની કામગીરીની વિગતો તો આપવી જ પડશે. ચૂંટાવુ અને ચૂંટીને પ્રજાજાગૃતિની સાથે સાથે સ્વસ્થ-સમરસ શિક્ષિત સમાજની રચનાની જવાબદારી પણ પ્રજાના પ્રતિનિધિ જ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે મારી સરકાર સંવેદનશીલ છે અને તેણે ગરીબોથી લઈ સમાજના તમામ વર્ગની ચિંતા કરી અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે પરંતુ આ યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે જોવાની ફરજ પ્રજાના પ્રતિનિધિની છે.

તેમણે જણાવ્યું હતુ કે ૨૦૦૫ પછી શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ગ્રાન્ટ આપવાનું શરૂ કરવામાં આવ્યુ છે અને

● અનુસંધાન પાન-૬ પર

## જિલ્લાની જૂથબંધીને જાણી દુ:ખી થયેલા મુખ્યમંત્રીએ સૌને સાથે રાખી ચાલવા શિખામણ આપી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયત, ત્રણ તાલુકા પંચાયત અને બે નગરપાલિકામાં ભાજપને કેસરિયો લહેરાવો જ જોઈએ જે મને ભાઈબીજની આપેલી ભેટ હશે તેમ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે છેલ્લા ત્રણ વખતથી ભાજપનો થોડાક માટે પરાજય થાય છે. રાજધાનીમાં જ પરાજય એ આપણા સૌના માટે સારૂ ન કહેવાય. ચૂંટણી એ પ્રજાનું પર્વ છે અને આપણે આપણા ત્યાં પ્રસંગ હોય તો સૌને મળી હાજરી આપવા કહેતા હોઈએ છીએ. આ આપણો પ્રસંગ છે. તેમાં મતભેદો ભુલી જાવ, સિનીયર-જુનિયર ભુલી જાવ અને મનમુકીને કામે લાગો, વિજય મેળવવો જરૂરી છે.

આપણી નબળાઈ અને કચાશ હોય તો તે શોધી અને તેને દૂર કરીએ તો પરિણામ આપણા પક્ષે જ આવશે. તેમણે જણાવ્યુ કે ઘર-ઘર સુધી પહોંચી જઈએ. સમાજના આગેવાનોથી સૌને સાથે લઈએ, શંકા-કુશંકાઓથી દૂર રહીને પક્ષ માટે સૌ સાથે મળીને ખભે ખભા મિલાવી કામ કરીએ.

જિલ્લામાં ભાજપની તીવ્ર જૂથબંધીનો ઉલ્લેખ કર્યા સિવાય શિખામણના સ્વરમાં તેમણે કહ્યું કે જેના હૃદયમાં, દિલમાં અને લોહીમાં કેસરીયો છે તેવા સૌ કાર્યકર્તાઓને સાથે રાખીએ, પાયાના કાર્યકર્તાની લાગણીનો પણ આદર કરી અને તેને સન્માનથી જોઈ તેણે કરેલી વાતને શંકા-કુશંકાથી જોયા વિના તેના ઉકેલની દિશામાં કાર્યરત થઈએ.

જિલ્લામાં ભાજપનો વિજય એ કાર્યકર્તાની લાગણીનો વિજય હશે. જિલ્લામાં ભાજપનો વિજય એ કાર્યકર્તાની મહેનતનો વિજય હશે. ભાજપનું સૂત્ર છે સૌનુ હિત ભાજપની જીત એને સાચા અર્થમાં ચરિતાર્થ કરીએ.

## શિક્ષકો જોઈએ છે

૧) B.A. / M.A., B.Ed. મુખ્ય વિષય (સમાજ વિદ્યા, ઈતિહાસ, ભૂગોળ) (ધોરણ-૫,૬,૭માં સામાજીક વિજ્ઞાન માટે)

૨) ધોરણ-૮, ૯, ૧૦માં ગણિત, વિજ્ઞાન ભણાવી શકે તેવા (B.Sc., B.Ed., M.Sc., B.Ed.)

સ્વહસ્તાક્ષર અરજી અને પ્રમાણપત્રોની નકલ સાથે રૂબરૂ મળો

તા. ૨૬/૧૧/૨૦૧૫, ગુરૂવાર (સવારે ૧૦.૦૦ કલાકે)

સ્થળ

ગાંધીનગર કેળવણી મંડળ સંચાલિત

મધુરી મનસુખલાલ વસા પ્રાથમિક/હાઈસ્કૂલ

પ્રેક્ષા વિશ્વભારતી સામે, કોબા પાટીયા, તા. જી. ગાંધીનગર

## રાજ્યભરમાં ઠંડીનો ચમકારો

અમદાવાદ, તા. ૨૦

નવેમ્બર મહિનાની પૂર્ણાહૂતિ થવા આડે હવે ગણતરીના દસ દિવસ રહ્યા છે ત્યારે ઠંડીની અપેક્ષિત શરૂઆત હજુ પણ જોવા મળી રહી નથી. તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. ગઈકાલની સરખામણીમાં આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૭.૮ ડિગ્રી નોંધાયું હતું. કેટલાક વિસ્તારોમાં તાપમાનમાં વધારો જ્યારે કેટલાક વિસ્તારમાં ઘટાડો નોંધાયો હતો. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ફરી એકવાર ઘટાડો થયો છે. તાપમાનમાં અવિરતપણે સતત ફેરફારની સ્થિતિ જારી રહી છે.

બન્યું ગતિશીલ ગુજરાત
વણથંભ્યા વિકાસ થકી
ધબકતા બન્યાં નગર
આધુનિક સુવિધા થકી
યુવાઓના સ્વપ્નો થશે સાકાર
સ્વાવલંબન યોજના થકી

સૌનું હિત ભાજપની જીત



કમળના નિશાન સામેના ચાર બટન દબાવી ભાજપને વિજયી બનાવીએ

પ્રકાશક: ભારતીય જનતા પાર્ટી, ગુજરાત